# મધુ–બંસરી

નાટકના ગાયનો અને રૂપરેખા.

લેખક:—

**નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,**

બી. એ., એલએલ. બી., બેરિસ્ટર–એટ–લૉ.

પ્રકાશક:–છોટાલાલ મૂલચંદ,

મુંબઈ ગુજરાતી નાટક મંડળીના માલેક,

મુંબઈ.

આવૃત્તિ ૩ જી.

કુલ ૩૦૦૦

સને ૧૯૨૧.] [સંવત ૧૯૭૮.

મૂલ્ય ચાર આના.

भिन्नरुचिर्लोकः । આ સૂત્રનું સૌથી સચોટ સમર્થન ખાસ કરીને આપણી રંગભૂમી પૂરૂં પાડે છે. મ્હારી પોતાનીજ કૃતિઓ સંબંધી મને બહુજ ભિન્ન ભિન્ન અભિપ્રાયો મળ્યા છે. દૃષ્ટાંત તરીકે કોઇને "સ્નેહ—સરીતા" પસંદ પડેલ છે, તો કોઇને "સુધા—ચંદ્ર", કોઇને શૃંગાર ગમે છે તો કોઇને હાસ્યરસ, તો કોઇને સામાજિક પ્રશ્નોનું મ્હારૂં નિરૂપણ કોઇને મ્હારી ભાષા અઘરી લાગી છે, તો કોઇને મ્હારી શૈલી "મોહક અને જોરદાર" લાગી છે. કોઇને મ્હારાં સ્રીપાત્રો આર્ય સભ્યતાની હદ કૂદાવી જતાં લાગ્યાં છે, તો કોઇને વિભાકર "શૃંગારને શુદ્ધિ અને સભ્યતાની સીમામાં રાખીને ત્હેમાં આશ્ચર્યકારક મીઠાશ અને મોહકતા" ભેળવતો લાગ્યો છે, અને પોતાના નાટકોમાં "સ્રીને માત્ર દાસી કે ભોજ્ય નહિં," પણ "બુદ્ધિમાં, હૃદયમાં, સંસ્કારમાં, અનુભવમાં, કોઇ રીતે પુરૂષથી ઉતરતી નહિ એવી સમોવડી સખી" ચિતરતો જણાયો છે.

લોકરૂચિની આ ભિન્નતાને લીધે સ્વાભાવિક રીતે લેખકનું કાર્ય વધારે મુશ્કેલ બને છે. કોની કસોટી સાચી માનવી અને ક્યાં પ્રેક્ષકોને રીઝવવાં એ એક વિચારણીય પ્રશ્ન થઇ પડે છે. વળી, યૂરોપ અને અમેરીકામાં રંગભૂમીનો જેટલો વિકાસ થયો છે તેટલો આપણે ત્યાં થયો નથી. ત્યાં સુશિક્ષિત લેખકો, સંસ્કારી પ્રેક્ષકો તેમજ કેળવાયલા નટોની સંખ્યા ઘણી મ્હોટી છે. ત્યાં જુદી જુદી ભૂમિકાના પ્રેક્ષકગણ મળી શકે છે. અને તેથી ત્યાં [illegible]

જુદા વર્ગની રૂચિ અનુસાર જુદા જુદા રસની નાટયકૃતિઓ બહાર મુકી શકાય છે. પરંતુ આપણે ત્યાં તો અનેક ભૂમિકાઓનાં પ્રેક્ષકોનો બનેલો એકજ મિશ્રીત વર્ગ એક સામટો એકજ ઘટનાથી સંતોષવાનો હોય છે. તેટલા માટે જેઓ કંઇક ખંતિમ ઉદ્દેશથી અથવા તો પોતાના દેશમાં પ્રસરતા નવ ચેતનને વેગ આપવા આપણી રંગભૂમિ માટે લખવાની અભિલાશા રાખતા હોય તેઓના માર્ગમાં જેવી તેવી મુશ્કેલીઓ ઉભેલી નથી. ઉપરાંત, એ પણ ભૂલી જવાનું નથી કે નાટક કંપનીઓની દ્રષ્ટીથી રંગભૂમિ એક ધંધાર્થી પેઢી છે, અને એમ માનવાનો તેઓને સંપૂર્ણ હક્ક છે. જેટલે દરજ્જે તેઓ રંગભૂમિને જાહેર શિક્ષણશાળામાં બદલાવવા મથેછે તેટલી તેઓની હું તો ઉદારતા અને સ્વદેશપ્રીતિજ માનું છું. આ સર્વ દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખનાર પ્રેક્ષક તેમજ સમાલોચક સમજી શકશે કે આપણી રંગભૂમિની ગુચવણભરેલી યાંત્રિક તેમજ માનુષિક ઘટનાને અનુકુળ થઇ, ભૂત, વર્તમાન કે ભવિષ્યના ભલે અપૂર્ણ અને ઝાંખાં પણ રેખાચિત્ર ચિતરવામાં માત્ર પાંડિત્ય કે રસશાસ્ત્રનું જ્ઞાન બસ નથી. આ દિશામાં થોડી પણ સફળતા મેળવવા માટે પાંડિત્ય કરતાં કુદરતી રણકો અને રસશાસ્ત્ર કરતાં માનસશાસ્ત્ર વધારે ઉપયોગી અને અનિવાર્ય જણાય છે, અને તેથી આપણી રંગભૂમિ અર્થે સર્જાયેલ કૃતિઓને માત્ર પાંડિત્ય કે રસશાસ્ત્રની કસોટીથી કસવી તે અન્યાય ભરેલું તેમજ નિરર્થક છે. તેવીજ રીતે રંગભૂમિનું કાવ્ય પણ જુદીજ દૃષ્ટિથી વિચારવાનું છે. જે કંપનીઓમાં ખાસ સમર્થ સંગીતશાસ્ત્રી રોકવામાં આવેલ હોય છે ત્યાં લેખકને ફાવે તેવા રાગમાં કે છંદમાં સ્વછંદીરીતે ગમે તેવી લંબાઇ પહોલાઈમાં વિહરવાની છૂટ હોતી નથી. "સારીગમ" ના ચોક્સ

ચોકઠાથી બહાર તેનાથી યત્કંચિત્ ચસી શકાતું નથી. મર્યાદિત સમયમાં, મર્યાદિત "સારીગમ" માં અને મર્યાદિત પ્રસંગમાંજ તેણે પાત્રોનું હૃદયમંથન આલેખવું પડે છે. અને તેથી સ્વતંત્ર છંદો અને કાવ્યોમાં લલકારનારને શબ્દપ્રયોગો અને ભાવાલેખનની જે સ્વતંત્રતા મળે છે તે રંગભૂમિના કાવ્યમાં મળી શકતી નથી. અને તેટલે દરજ્જે નાટકકારને કવિઓની કલ્પનાશક્તિ કરતાં ઔચિત્યબુદ્ધિ અને પ્રમાણબુદ્ધિનો વધારે ઉપયોગ કરવો પડે છે.

આ સર્વ છતાં હું તો આપણી રંગભૂમિ માટે વધારે ને વધારે આશાવાદી બનતો જાઉં છૂં. સતત્ પ્રયત્નોથી લોકરૂચી ઘણી કેળવી શકાય તેમ છે એવો મારો નમ્ર અનુભવ છે. સમાજસેવા અને સાહિત્યસેવાની ધુન કદાચ સર્વ નાટક કંપનીઓમાં એકદમ જગાવી ન શકાય, તોપણ ધંધાની દૃષ્ટિથી નાટક કંપનીઓની આબાદી જાળવીને, રંગભૂમિદ્વારા કલા તેમજ લોકશિક્ષણ સંબંધી ઘણી સિદ્ધી થઇ શકે તેમ છે એ મ્હારી શ્રદ્ધા વધારે દૃઢીભૂત થતી જાય છે. આ નમ્ર નાટકદ્વારા બીજાઓને પણ હું મ્હારી શ્રદ્ધાનો થોડો પણ ચેપ લગાડવા સદ્‌ભાગી થઇશ તો મારા ધાર્યા કરતાં આ નવીન નાટયકૃતિની ઘણી વધારે સફળતા થયેલી ગણાશે.

મુંબઇ,
તા. ૨૮મી જુલાઇ ૧૯૧૭.

ન્રુ. ભ. વિભાકર.

# પાત્રોની નામાવલિ.

## પુરૂષ પાત્રો.

**મધુસૂદન**—નવદુર્ગનો સહૃદય સમાજ સેવક; વિમલકાન્ત ઉદયકાન્ત નામના અમીરી ખવાસવાળા મુફ્લીસ મજૂરનો પુત્ર; સ્નેહવીણાનો સહોદર; પાછળથી શોભનપુરનો પ્રધાન "**આત્મપ્રકાશ,**" અને સુવર્ણનગરનો લોકનાયક "**જ્યોતિકાન્ત**" બંસરી બાળાનો હૃદયેશ્વર.

**સર પ્રમોદરાય**—નવદુર્ગનો "આબરૂદાર" શહેરી; "વિશ્વ-સુધારક ક્લબ" નો પ્રમુખ; "શોભનપુર ઇમ્પ્રુવમેન્ટ કંપની લીમીટેડ" આદિ અનેક જૉઇન્ટ સ્ટૉક કંપનીઓનો ડિરેક્ટર.

**રાજા બહાદુર સાધુલાલ શકરાલાલ સટોરિયા**—"વિશ્વ-સુધારક ક્લબ" નું નાક.

**ખાનસાહેબ મૌલાબક્ષ હુસેનબક્ષ**—"વિશ્વ સુધારક ક્લબ" ની શોભામાં અભિવૃદ્ધિ કરનાર મેમ્બર.

**શ્યામસુંદર પરદુઃખભંજન**—"ક્લબ" ના અતિ વિચાર-શીલ ખેતાબહિન "પરદુઃખભંજન" મેમ્બર.

**ઇન્સ્પેક્ટર અજીત**—નવદુર્ગની છૂપી પોલિસનો બાહોશ અમલદાર "જિતેન્દ્ર" ના છૂપા વેશમાં "ગુન્હેગાર મધુ" ની પાછળ પડેલો પોલિસ સરદાર; પાછળથી સુવર્ણનગરનો પોલિસ કમિશનર.

**વિમલકાન્ત**—મધુસૂદન તથા સ્નેહવીણાનો પિતા.

**પ્રિન્સ રવીન્દ્રકુમાર**—શોભનપુરના મહારાજા સૂર્યકેતુનો પાટવી કુમાર; સ્નેહવીણાનો સખા અને સ્વામી.

**સૂર્યકેતુ**—શોભાનપુરનો નરેશ; મહારાણી ભદ્રશીલાનો સાઇ; રવીન્દ્રકુમારનો પિતા.

**સુન્દરકાન્ત**—સુવર્ણનગરનો સરકારી વકીલ.

ઉપરાંત મજૂરો, શહેરીઓ, સિપાઇઓ, નોકરો વિગેરે.

## સ્ત્રી પાત્રો.

**સંસારીબાળા**—વસુન્ધરાની ઉપાસક બાળા.

**વિરાગીબાળા**—અમરાપુરીનું ચિન્તન કરનાર બાળા.

**દેવી વસુન્ધરા**—સંસારના મોહમાં મુગ્ધ બનેલી સંસારી બાળાની જાજવલ્યમાન મનોદેવી.

**દેવી અમરાપુરી**—ભવિષ્યની ભાવનાઓ ઘડનારી વિરાંગી બાળાની પ્રશાન્ત મનોદેવી.

**ગુલશન**—વારાંગના.

**સ્નેહવીણા**—વિમલકાન્તની બહાદુર પુત્રી **વીણા**; મધુસૂદનની વિખૂટી પડેલી બહેન; રવીન્દ્રકુમારની વફાદાર માલણ, સખી અને છેવટે અર્ધાંગના; **દીલારામની** વેશધારી.

**બંસરીબાળા**—શોભન પુરના "કુમારી આશ્રમ" ની અધિષ્ઠાત્રી "પ્રધાન આત્મપ્રકાશ" પાછળ લોહચુંબકની માફક ખેંચાતી સુંદરી; સુવર્ણનગરના પ્રધાનપદને શોભાવનાર વેશધારી **બંસીધર**; અંતમાં "મધુ-બંસરી."

**દુલારી**—દિલારામ તથા બંસીધરના કામણથી અંજાએલી, કુમારી આશ્રમની મુગ્ધ બાળા.

**મહારાણી ભદ્રશીળા**—સુવર્ણનગરની મહારાણી; મહારાજા સુર્યકેતુની ભગિની.

ઉપરાન્ત, સખીઓ, કુમારી આશ્રમની બાળાઓ, વિગેરે.

**સ્થળ**—નવદુર્ગ; વરંતગિરિની ટેકરી; શોભનપુર; સુવર્ણ નગર.

# મધુ–બંસરી

## નાટકની રૂપરેખા.

### અંક ૧ લો.

**આમુખ**—સંસારીબાળા તથા વિરાગીબાળા નામની બે કુમારીઓ પોતપોતાના મનોદેવીની પ્રાર્થના કરી રહી છે; ત્યાં દેવી વસુન્ધરા તથા દેવી અમરાપુરી દર્શન દે છે. વસુન્ધરા અને અમરાપુરીના મહિમાની ચર્ચા. વસુન્ધરાનેજ આંગણે અમરાપુરી પોતાનાં ભક્તજનોની ઝાંખી કરાવવા સર્વને લઇ જાય છે.

—:૦:—

### પ્રવેશ ૧ લો.

### સ્થળ—નવદુર્ગમાં "પ્રમોદ વિલાસ."

નવદુર્ગના જાણીતા શહેરી અને "વિશ્વ સુધારક ક્લબ"ના પ્રમુખ પ્રમોદરાયને "સર" નો ખેતાબ મળેલો હોવાથી એમના દોસ્તો એમને મુબારકબાદી આપવા આવે છે. "વિશ્વ સુધારક ક્લબ" ના મેમ્બરોની આર્થિક ઉન્નતિ સંબંધી વિચાર જૉઇન્ટ સ્ટૉક કંપની ઉભી કરી શોભનપુરને યાંત્રિક જાળથી સર કરવાનો સંકલ્પ. આજનો યાદગાર દિવસ "લુખ્ખો" ન જાય તે માટે વારાંગના ગુલશનની મદદ માગવામાં આવે છે, એટલામાં જેલ તોડીને નાઠેલો કેદી મધુસૂદન ત્યાં પ્રવેશે છે. પ્રમોદરાય તથા મધુ વચ્ચે ચકમક. દરમિઆન ડિટેકિટવ અમલદાર ઇન્સ્પેકટર અજીતનું સિપાઇઓ સહિત આવી પહોંચવું. મધુના હાથમાં હાથકડી. હાથકડી તોડી મધુનું છટકવું. પોલિસનું પાછળ પડવું.

—:૦:—

## પ્રવેશ ૨ જો.

### સ્થળ—વસન્તગિરિ પાસે વિમલકાન્તનું ઝુંપડું.

કેદી મધુસૂદને પોતાના પિતા વિમલકાન્તને તેમજ બીજા કેદીઓને જેલમાંથી ન્હસાડેલ છે. ન્હાસેલા કેદીઓ વિમલકાન્તના ઝુંપડા પાસે આવે છે. વિમલકાન્તને તેની મઢૂલી પાસે છોડી કેદીઓ જાય છે. તુરતજ મધુસૂદનનું પ્રવેશવું. મધુસૂદનના પિતાનું મૃત્યુ. મધુનો કરૂણાલાપ અને હૃદયમંથન. સમાજ સામે ઉશ્કેરાયેલા મગજની બંડખોર સ્થિતિ. એટલામાં નવદુર્ગથી આવતી મોટરકારનો અવાજ સંભાળાય છે. મોટરના ચૂરેચૂરા કરવાનો મધુનો નિશ્ચય. દરમિઆન અકસ્માતથી મોટરનું ઉંધું વળવું, મોટર હાંકનારનું નદીમાં પડવું. નદીમાં પડેલા મુસાફરને બચાવવા મધુનો નિષ્ફળ પ્રયત્ન. મુસાફરના કાગળો મધુએ વાંચવા. સુવર્ણનગરનાં મહારાણી ભદ્રશીલા સામે કાવત્રાંની બાતમી. ડૂબી ગયેલો મુસાફર શોભનપુરના પ્રધાનપદ માટે સર પ્રમોદરાય તેમજ નવદુર્ગના અમલદારોના ભલામણ પત્રો લઇને જતો હતો એમ સમજતાં પોતેજ મુસાફર આત્મપ્રકાશનું નામ ધારણ કરી, ભલામણ પત્રોનો ઉપયોગ કરી, શોભનપુરનું પ્રધાનપદ મેળવવાનો મધુનો નિશ્ચય, એટલામાં પાછળ પડેલા ઇન્સ્પેકટર અજીતનું આવવું. અજીત અને મધુ વચ્ચે ઝપાઝપી. અજીતને ઘાયલ કરી મધુનું મોટરમાં બેસી શોભનપુર તરફ ન્હાસવું.

——:o:——

## પ્રવેશ ૩ જો.

### સ્થળ—શોભનપુરનું રાજ ઉદ્યાન.

"કુમારી આશ્રમ" ની બાળા સ્નેહવીણા શોભનપુરના પાટવી પ્રિન્સ રવીન્દ્રકુમારને આશ્રમના વાર્ષિક ઉત્સવ નિમિત આમંત્રણ આપવા આવી છે. ઉદ્યાનના એકાંતમાં સ્નેહવીણા ગીત

લલકારી રહી છે ત્યાં પ્રિન્સ રવીન્દ્રકુમારનું પ્રવેશવું. કુમારના સૂના આત્માની ભૂખ સ્નેહવીણા સંતોષે છે; અને જે "વીણા" એકવાર પોતાના ભાઇ મધુસૂદને કેદમાં જતાં બચાવવાની ખાતર રવીન્દ્રકુમારની માલણ તરીકે ખરીદાયેલી હતી તે આજે એજ પ્રિન્સની સમોવડી સખી "સ્નેહ વીણ" તરીકે સ્વીકારાય છે. સ્નેહવીણાનું જવું, અને શોભનપુરના મહારાજા સૂર્યકેતુ તથા નવા નિમાયેલા પ્રધાન આત્મ પ્રકાશનું આવવું. નવા પ્રધાનની પિછાણ. આત્મપ્રકાશનું જવું. નવદુર્ગથી સર પ્રમોદરાયની પાર્ટીનું આવવું. શોભનપુરને "અપ-ટુ-ડેઇટ" યાંત્રિક શહેરમાં ફેરવી નાંખવાને માટે સર પ્રમોદરાય પોતાની "શોભનપુર ઇમ્પ્રુવમેંટ કંપની, લીમીટેડ" ની યોજના રજુ કરે છે. નવા પ્રધાનની સંમતિ મેળવવાનું કહી મહારાજાનું જવું. પોતાના વગવાળા ગ્રહસ્થને બદલે કોઇ બીજો પ્રધાન નિમાયેલો સાંભળી પ્રમોદરાયનું આશ્ચર્ય. "વિશ્વ સુધારક કલબ" ના મેમ્બર "જિતેન્દ્ર તરીકે છુપા વેશમાં આવેલ અજીતની શંકા."

---:o:---

## પ્રવેશ ૪ થો.

## સ્થળ—બિહાગવનમાં "કુમારી આશ્રમ"નો મંડપ.

આજે કુમારી આશ્રમનો વાર્ષિકોત્સવ છે. આશ્રમની બાળાઓ એક આંતર દશ્ય ભજવવાની હોવાથી સ્નેહવીણાએ કૃષ્ણનો પાઠ લીધો છે. આશ્રમની અધિષ્ઠાત્રી બંસરીબાળા તથા સ્નેહવીણાનો વિનોદ. મહારાજા સૂર્યકેતુ તથા પ્રધાન આત્મપ્રકાશની ઉત્સવમાં હાજરી. બંસરીબાળાને અભિનંદન, બાળાઓ તરફથી "શ્રી કૃષ્ણનું દ્વારિકા પધારવું અને ગોપીઓની વિરહાવસ્થા" નું આંતર નાટક. સર્વ ગયા બાદ બંસરીબાળાના પ્રેમની

રવીન્દ્રકુમારે માંગણી કરવી. " હું મ્હારૂ દિલ બીજા કોઇને આપી ચૂકી છું " એવો બંસરીનો ઉત્તર. રવીન્દ્રનો ક્રોધ. દરમિઆન આત્મપ્રકાશનું પ્રવેશવું. રવીન્દ્રને પ્રકાશની ધમકી. રવીન્દ્રનું જવું. બંસરી તથા પ્રકાશ વચ્ચે લોહચુંબક. ઉભયનું સાથે જવું.

———:૦:———

પ્રવેશ ૫ મો.

## સ્થળ—બિહાગવનનો એક કુંજ.

રવીન્દ્ર સામેના લેખિત પુરાવાઓ પ્રકાશ પાસેથી હાથ કરી આપવાનું સ્નેહવીણાનું રવીન્દ્રને વચન, અને એક યુવકના વેશમાં પ્રધાનના પ્રાઇવેટ સેક્રેટરી થવાનો તેણીનો સંકલ્પ.

———:૦:———

પ્રવેશ ૬ ઠ્ઠો.

## સ્થળ—પ્રધાન આત્મપ્રકાશનો બંગલો.

કુમારી આશ્રમની બાળા દુલારીને આત્મપ્રકાશ પોતાની લાડકવાયી બહેન જેવી ગણતો હોવાથી તેણીને થોડા દિવસ પોતાને ત્યાં રહેવાને આમંત્રે છે. ત્યારબાદ સ્નેહવીણા દિલારામ નામ ધારણ કરી પ્રાઇવેટ સેક્રેટરી તરીકે રહેવા આવે છે. દિલારામની નિમણુંક, અને દિલારામ તથા દુલારીનું પરસ્પર આકર્ષણ !

———:૦:———

પ્રવેશ ૭ મો.

## સ્થળ—આત્મપ્રકાશના બંગલાનો એક ભાગ.

આત્મપ્રકાશ પાસે સર પ્રમોદરાયની પાર્ટીનું આવવું. યાંત્રીક યોજનાઓ માટે પ્રધાનની પરવાનગી માંગવી. "સ્વર્ગની ફૂલવાડી" સમુ શોભનપુર સર પ્રમોદરાયની સિન્ડિકેટના હાથમાં મૂકવાની આત્મપ્રકાશ સાફ ના પાડે છે. જિતેન્દ્રે પ્રમોદરાયને આત્મપ્રકાશ એજ ગુન્હેગાર મધુ છે એમ બાતમી આપવી.

———:૦:———

### પ્રવેશ ૮ મો.

## સ્થળ—આત્મપ્રકાશનું ખાનગી ઉદ્યાન.

"પુરૂષનો અવતાર વધારે સારો કે સ્ત્રીનો "—એ સનાતન પ્રશ્નના વિચારમાં દુલારી તથા દિલારામ મશગૂલ છે. પ્રશ્નનો ઉકેલ "આપ પ્રાણજીવન, વ્હાલાં અમે" માં વિરામે છે. દુલારી તથા દિલારામ રવાના થતાં આત્મપ્રકાશ તથા બંસરીનું આવવું. આત્મ-પ્રકાશ એજ ગુન્હેગાર મધુ છે એવી "જૂઠી" અફવા સંબંધી બંસરી તરફથી બાતમી મળવી. પ્રકાશને બચાવવાની જવાબદારી બંસરી પોતાને માથે લે છે.

—— :o:——

### પ્રવેશ ૯ મો.

## સ્થળ—"કુમારી આશ્રમ" નું ચોગાન.

આજે કુમારી આશ્રમને તોડી પાડી તેની જગાએ ચામ-ડાની મીલનો પાયો સુવર્ણનગરના મહારાણી અને મહારાજા સૂર્ય-કેતુના બહેન ભદ્રશીલાના હાથથી નાંખવા માટે સર પ્રમોદરાયની સિન્ડિકેટ તૈયારી કરી રહેલ છે. મહારાજા સૂર્યકેતુ તથા મહારાણી ભદ્રશીલા આ પ્રસંગે હાજર થયાં છે. પોતાના "પ્રાણ કરતાં પણ વધારે પ્યારી" સંસ્થાને જમીનદોસ્ત થતી જોઇ આશ્રમની બાળા-ઓનો કરૂણાલાપ. પોતાની "કાર્યકુશળતા" માટે પ્રમોદરાયની મગરૂરી અને આત્મપ્રકાશની ગંભીર ચેતવણી. તુરતજ બંસરીએ અજીતના વેશમાં પ્રવેશી ગુન્હેગાર મધુ સામેનું વૉરંટ રજુ કરી આત્મપ્રકાશને ઉઠાવી જવો. પાછળથી જિતેંદ્રનું પ્રવેશવું અને અજીત તરીકે જાહેર થવું. બંસરીએ તથા પ્રકાશે આપેલી થાપ સંબંધી સમાચાર સાંભળી સર્વ દિગ્મૂઢ !

### ટૅબ્લો.

——o::——

# અંક ૨ જો.

## પ્રવેશ ૧ લો.

### સ્થળ—સુવર્ણ નગરમાં મહારાણી ભદ્રશીલાના મહેલનો એક ખંડ.

આત્મપ્રકાશ નાસીને સુવર્ણનગર આવેલ છે. અજીત પણ તેની પાછળ સુવર્ણનગર જઇ પહોંચેલ છે. અજીત આત્મપ્રકાશનો પત્તો મેળવવાને માટે મહારાણી ભદ્રશીલાના પોલિસ કમીશનરની નોકરી મેળવે છે.

—:o:—

## પ્રવેશ ૨ જો.

### સ્થળ—સુવર્ણનગરમાં આત્મપ્રકાશનો ગુપ્ત આવાસ.

દુલારી પણ આત્મપ્રકાશ સાથે સુવર્ણનગર આવી છે. દિલારામને રવીન્દ્ર તરફથી છૂપા જાસુસનું કામ સોંપવામાં આવ્યું છે. દુલારીના ભોળપણનો લાભ લઇ દિલારામ આત્મપ્રકાશના ગુપ્ત અવાસમાં જઇ પહોંચે છે. દુલારી તથા દિલારામ વચ્ચે પ્રણયકલહ દરમિઆન આત્મપ્રકાશનું પ્રવેશવું. દિલારામને જોઇને પ્રકાશનું આશ્ચર્ય. દિલારામનું બહાર જવું. ત્યારબાદ બંસરીબાળા પ્રકાશને સાવચેતી આપવા આવે છે. પ્રકાશની અર્ધાંગના થવા માટે બંસરીની માંગણી. માંગણીનો સખેદ અનાદર. બંસરીના દિલને આઘાત. બંસરી તથા આત્મપ્રકાશ ગયા બાદ પાછળથી સ્નેહવીણાએ છુપી રીતે પ્રવેશી તીજોરીમાંથી રવીન્દ્ર સામેના પુરાવાના કાગળો ચોરવા.

—:o:—

## પ્રવેશ ૩ જો.

## સ્થળ–સુવર્ણ નગરમાં રવીન્દ્ર કુમારનો કૅમ્પ.

રવીન્દ્ર સુવર્ણનગર આવેલ છે. સ્નેહવીણા પ્રકાશની તીજોરીમાંથી કાગળો ચોરીને તુરતજ રવીન્દ્રને મળે છે. સ્નેહવીણાએ યુક્તિપૂર્વક રવીન્દ્ર પાસેથી મહારાણી ભદ્રશીલા સામેના કાવત્રાં સંબંધી હકીકત મેળવવી. અને રવીદ્રને આ કાવત્રાંથી દૂર રહેવાને કહેવું. પોતે કાગળો હાથ કર્યાં છે એ બાતમી સ્નેહવીણાએ રવીન્દ્રથી છૂપી રાખવી અને પોતાના હૃદયની છૂપી લાગણીઓ પ્રગટ કરવી. રવીન્દ્રે સ્નેહવીણાના પ્રેમનો તિરસ્કાર કરવો; છતાં સ્નેહવીણાની તેના તરફ અનન્ય ભક્તિ કાયમ રહેવી, અને હજુ પણ રવીન્દ્રની ખાતર બંસરીને મનાવવાનું તેણીએ માથે લેવું.

———:૦:———

## પ્રવેશ ૪ થો.

## સ્થળ–સુવર્ણનગરનું "સુવર્ણ રેસ્ટોરાં."

સર પ્રમોદરાયની પાર્ટી હવે પોતાની "એહડાઇ" સુવર્ણ નગર ઉપર લઇને આવ્યા છે. સુવર્ણનગરના પ્રધાનની જગા ખાલી પડેલી હોવાથી સર પ્રમોદરાય એ જગા માટે ઉમેદવારી કરી રહ્યા છે, અને તેટલા માટે લોકમત પોતાની તરફ ખેંચવાને આજે "સુવર્ણરેસ્ટોરાં" માં કેટલાક શ્રીમાન શહેરીઓને એમના તરફથી ખાણું આપવામાં આવ્યું છે. ખાણાને અંતે ભાષણો થઇ રહ્યાં છે ત્યાં આત્મપ્રકાશ કે જેણે સુવર્ણનગરમાં "જ્યોતિકાન્ત" નામ ધારણ કર્યું છે તે કેટલાક મજૂરો સહિત પ્રવેશે છે. "અમીરો" તથા "મજૂરો" વચ્ચે ઝપાઝપી. છેવટે અજીત કે જે અહિના પોલિસ કમીશનર તરીકે હાલ કામ કરે છે તેનું આવવું અને મજૂરોની ફત્તેહ.

———:૦:———

## પ્રવેશ ૫ મો.

## સ્થળ—સુવર્ણનગરની રાજવાટિકા.

દિલારામે આપેલ સ્નેહસંકેત પ્રમાણે દુલારી તેને રાજવાટિકામાં મળવા આવી છે પરંતુ દિલારામને બદલે સ્નેહવીણાનો મેળાપ થતાં દુલારીના નિરાશા. સ્નેહવીણાની મીઠી મશ્કરી દુલારીનું જવું અને બંસરીનું પ્રવેશવું. સ્નેહવીણાએ રવીન્દ્રનો સંદેશો આપવો, બંસરીનો ઉત્તર. રવીન્દ્ર સંબંધી બંસરીને નિર્ભય બનાવવાના પ્રયત્નમાં સ્નેહવીણા પોતાનું દિલારામ તરીકેનું પરાક્રમ જાહેર કરી દે છે. બંસરી યુક્તિપૂર્વક સ્નેહવીણાએ ચોરેલા કાગળો મેળવી લે છે. સ્નેહવીણાનું જવું. પાછળથી ભદ્રશીલાને બંસરીએ સર્વ કાગળો બતાવવા અને પ્રમોદરાય તથા રવીન્દ્રનો પ્રપંચ ખુલ્લો કરવો. બંસરીને "બંસીધર" નામ ધારણ કરાવી પોતાના પ્રધાન તરીકે નિમવાનો મહારાણીનો નિશ્ચય.

—:o:—

## પ્રવેશ ૬ ઠ્ઠો.

## સ્થળ—સુવર્ણનગરનું જાહેર સભાસ્થાન.

આજે પ્રજાનો મત લઇ મહારાણી ભદ્રશીલા, પોતાના પ્રધાનની નિમણુંક કરનાર છે. મહારાણી ભદ્રશીલા, મહારાજા સૂર્યકેતુ અને રવીન્દ્રકુમાર સમક્ષ પ્રમોદરાય તથા આત્મપ્રકાશની ઉમેદવારી સંબંધી ચર્ચા. પ્રકાશના શબ્દોથી પ્રમોદરાયનું ઉશ્કેરાવું "બંસીધર"ના લેબાસમાં સજ્જ થયેલી બંસરીએ પ્રમોદરાય તથા રવીન્દ્રકુમારનું કાવત્રું ખુલ્લુ પાડવું અને પુરાવાના કાગળો જાહેર કરવા. દિલારામ સ્નેહવીણાના અસલ સ્વરૂપમાં !

## ટેબ્લો.

—:o:—

## અંક ૩ જો.

### પ્રવેશ ૧ લો.

### સ્થળ—સુવર્ણનગરમાં સૂર્યકેતુનો આવાસ.

સૂર્યકેતુ રવીન્દ્રને તેના રાજ્યલોભ માટે માર્મિક વચનો કહી રહેલ છે એટલામાં પ્રમોદરાય તથા ગાઘુલાલ સટોરિયાનું આવવું. રવીન્દ્ર તથા પ્રમોદરાય સામેના કેસમાં મહારાજા સૂર્યકેતુ ન્યાયાધીશ નિમાયા સંબંધી પ્રમોદરાય સૂર્યકેતુને અર્થસૂચક અભિનંદન આપે છે. સૂર્યકેતુ પ્રમોદરાયની ખાત્રી કરી આપે છે કે તેના હાથમાં તે સહીસલામત નથી. શોભનપુરને પ્રમોદરાયની સિન્ડિકેટના હાથમાંથી છોડાવવાનો અને સુવર્ણનગરના લોકનાયક "જ્યોતીકાન્ત" (આત્મપ્રકાશ—મધુ) ના હાથમાં મૂકવાનો મહારાજાનો નિશ્ચય. "બડખોર" જ્યોતિકાન્ત સામે રવીન્દ્રની કટાક્ષ પરંતુ એ બંડખોર પોતેજ આ કેસમાં બીજા ન્યાયાધીશ તરીકે બેસનાર છે એમ કહી મહારાજાનું જવું. પાછળથી પ્રમોદરાયની મસલત. સર્વ ગયા બાદ રવીન્દ્ર તથા સ્નેહવીણાનો મેળાપ. છેવટે સ્નેહવીણાના હૃદયની કદર.

—:o:—

### પ્રવેશ ૨ જો.

### સ્થળ—મહારાણી ભદ્રશીલાનો મહેલ.

મહારાણી ભદ્રશીલા આત્મપ્રકાશના સમાજ—સુધારણા સંબંધી વિચારો જાણી ખુશ થાય છે, અને એ મનોહર "ભાવનાસૃષ્ટિનો પાયો" સુવર્ણનગરમાં નાંખવાનું પ્રકાશને સૂચવે છે. નવા પ્રધાન "બંસીધર" પાસે પોતેજ ગુન્હેગાર મધુ છે

એવી આત્મપ્રકાશની કબુલાત. મધુના ગુન્હાઓની વિગતવાર હકીકતવાળી ડાયરી બંસીધરે મધુપાસેથી મેળવી લેવી એટલામાં અજીતનું પ્રવેશવું. અજીતે પ્રધાન બંસીધરને ખાનગી ખબર આપવા કે સુવર્ણનગરનો લોકનાયક ગણાતો જ્યોતિકાન્ત એજ ગુન્હેગાર મધુ છે. અજીતનું જવું અને તેને થાપ આપવાનો બંસરીબાળાનો સંકલ્પ. દુલારીનું પ્રવેશવું. પ્રધાન બંસીધર તથા દુલારીનું પરસ્પર આકર્ષણ અને પ્રધાન તરફથી દુલારીને મુદ્રિકાની ભેટ. બંસરીનો મેળાપ કરાવી આપવાનું પ્રકાશને વચન આપી બંસીધરનું જવું. દુલારી ગયા બાદ બંસરીનું આવવું અને મધુ—બંસરીનું પ્રથમ પ્રેમદર્શન. ત્યારબાદ સ્નેહવીણાનું પ્રવેશવું અને ભાઇ બહેનનો. અણધાર્યો મેળાપ.

——:o:——

### પ્રવેશ ૩ જો.

### સ્થળ—સુવર્ણનગરમાં રવીન્દ્રનો કેમ્પ.

રવીન્દ્રની સ્નેહવીણા તરફ મમતા, એટલામાં અજીતે આવી રવીન્દ્રના બચાવનો માર્ગ બતાવવો. પોતાના બચાવની ખાતર પોતાની પ્રિયતમાના ભાઇ ઉપર ઘા કરવાની રવીન્દ્રે સાફ ના પાડવી.

——:o:——

### પ્રવેશ ૪ થો.

### સ્થળ—દુલારીનો લતામંડપ.

સ્નેહવીણા તેમજ બીજી સખીઓ તરફથી મુગ્ધ દુલારીની મીઠી પજવણી. સખીઓ ગયા બાદ પ્રધાન બંસીધરનો પ્રવેશ. શરમાળ બાળા છેવટે "જર કહોજી સાવરિયા, શા જાદુ કર્યા?"ની સ્થિતિ પ્રાપ્ત કરે છે!

——:o:——

## પ્રવેશ ૫ મો.

## સ્થળ—સુવર્ણનગરની કોર્ટ.

સુવર્ણનગરમાં મહારાણી સામે કાવત્રું રચવા માટે પ્રમોદરાય તથા રવીન્દ્રકુમાર સામે કેસ ચલાવવામાં આવે છે. પ્રથમ મિ૰ સાધુલાલ સટોરિયાની “ ઉત્તમ જુબાની.” અજીતે પોતાની જુબાનીમાં ન્યાયાધીશ જ્યોતિકાન્ત પોતેજ ગુન્હેગાર મધુ છે એવું જાહેર કરવું. પ્રધાન બંસીધરે વચમાં પડી અજીતને થાપ આપવી. રવીન્દ્રે ગુન્હો કબુલ કરવો. કેસનો ચુકાદો મૂલતવી રહેવો.

——:૦:——

## પ્રવેશ ૬ ઠ્ઠો.

## સ્થળ—સુવર્ણનગરમાં “ વસન્ત વિહાર.”

આજે મહારાણી ભદ્રશીલાનો જન્મોત્સવ હોઇને મહારાણી, અમલદારો, તથા નગરજનો “ વસન્ત વિહાર ” નામના ખુશનુમા ઉધાનમાં ભેળાં થયેલ છે. મહારાણીનાં જન્મોત્સવની ખુશાલીમાં લોકોના હિત માટે એક જાહેરનામું બહાર પાડવું. રવીન્દ્રકુમારને માફી. પોતાના કારખાનાઓ વિગેરે મજૂરોના લાભ માટે સુપ્રત કરવાની તેમજ હવેથી લોકસેવાનું કાર્ય શરૂ કરવાની શરતે પ્રમોદરાયને માફી કળવી. અજીતનું આવવું અને પ્રધાન બંસીધરને પકડવાનો પ્રયત્ન. ભદ્રશીલાએ બંસરીબાળાને જાહેર કરવી. કાયદાને અને અજીતને તાબે થવાની આત્મપ્રકાશની તૈયારી. એટલામાં મહારાજા સૂર્યકેતુએ ગુન્હેગાર મધુ માટે નવદુર્ગેથી માફીપત્ર મેળવી હાજર થવું. આત્મ-જ્યોતિરૂપ મધુ—બંસરીને રાજા તથા પ્રજાનાં વધામણાં.

# મધુ-બંસરી

## નાટકનાં ગાયનો.

### અંક ૧ લો.

૧

સંસારીબાળા તથા વિરાગીબાળા—

વંદુ મનોદેવ,
શાશ્વત શિવાગાર,
સુખરૂપ સદાનંદ, પ્રિયનંદન પ્રિયેશ—વંદુ૦
બંસીધર તું પ્રાણ,
પ્યારો દિલારામ,
જીવનભર સુકાન, નવ નવીન તું હંમેશ—વંદુ૦

———:૦:———

૨

અમરાપુરી— સુરગંગા જો સરંતા,
અજવાળાં પુણ્યવંતાં,
વિરાગીબાળા—હિમધવલાં મંગલાં એ
અમર અવની ઉતર્યાં. —સુર૦
અમરાપુરી— મોહ અવનીન શમાવો,
સંસારીબાળા—સ્વર્ગભુવનો એ બતાવો,
દિવ્ય દિલડાંથી મિલાવો,
સર્વ— આજ રાજ નિરખશું ન્યારા —સુર૦

———:૦:———

ગુલશન— ૩

હાં નેનોથી શું સતાવો દરદી દિલને?
વાણીથી શું રીઝાવો હસતે મુખડે?
પડુ પાયે ના મનાવો તમે —હાં૦
હું છું દુભાઇ, હું છું રીબાઇ,
નેન થકી પ્રિય હું છું ઘવાઇ,
દો ચૂમી મીઠી એ દવાઇ,
અલિંગો પ્રાણને —હાં૦

—:o:—

સ્નેહવીણા— ૪

ગાન સૂણાવો મધુરાં દિલથી,
સુખની રજની સૈયા સ્નેહી કાજે —ગાન૦
પલ પલનાં ગીત પ્યારાં ગવરાવો,
વેગે વંધાઓ ઉર રંગ આજે —ગાન૦

---

સ્નેહવીણા— ૫

સ્નેહી સખી છું, પ્રભુ હું તમારી,
ભૂખી હું તો ભાવની સદાની,
ઓવારૂં પ્યારા સખા પરે પ્રાણ આજ—સ્નેહી૦
પૂજું જીગર કુમારૂં દિલારામ,
દિલ આપીને લેવાં દિલડાં,
કુમારાં, દુલારા, અનેરાં એ દિલ રાજ—સ્નેહી૦

—:o:—

બંસરીબાળા— ૬

મીઠી મીઠી તાન હૃદય સુણાવી,
શુદ્ધ બુદ્ધ સહુ મ્હારી મીટમાં હરાવી—મીઠી॰
પ્રાણમોહન દિલહર કોયલ !
રાગિની મંજુલ ગા નિત વ્હાલી —મીઠી॰

——:૦:——

૭

સ્નેહવીણા—-રાધા છો કાનનાં દુલારી, જાઉં હું વારી,
શાને લજાવ છો કુમારી !
બંસરીબાળા—- નાદાની તારી —-રાધા॰
સ્નેહવીણા—ભૂલ્યાં ગોપાલ હૈયાહારને મ્હૈયારી !
ભૂલ્યાં એ વ્હાલાં કામણો શું પ્યારી ?
બંસરીબાળા—હારી હું હારી —રાધા॰

——:૦:——

૮

[ રાસ ]

રાધા તથા ગોપીઓ—

બંસી મહિં પ્રાણ વસ્યા હાં શ્યામળા,
પ્યારી એ પ્રાણથી !
કાન કેરી હૈયાહાર એ માનિની !
ગોપી શું કામની ?—બંસી॰

કૃષ્ણ—હો બંસી કે ગોપીઓ, કાન તણાં સૌ પ્રાણ;
રાધા, ધેનુ, ગોપ, વ્રજ, સહુપર એ કુરબાન
રાધા—વાણી વદી જાદુ ભરી, હૈયું હરી સ્મિત કરી,
હાં કાનુડે ભૂલાવ્યાં ભાનથી. બંસી॰

——:૦:——

૯

બંસરીબાળા—શોભન લોભન જડ દેહ ન વરીએ,
વરીએ પ્રભુનું નૂર જ્યાંહિં.—શોભન૦
ના મોહ માયા કીરતિ પૂજીએ,
ના કો' ચમકથી રીઝીએ,
નહિં આત્મ વિણ સુખ ક્યાંહિ—શોભન૦

——:૦:——

બંસરીબાળા— ૧૦

જાગી જ્યોત જાગી હૃદયની જ્યોત જાગી,
બંસીઓ સાથ વાગી, આત્મની તાલિ લાગી,
બ્રહ્મની ધૂન મધુરી એ સુભાગી —જાગી૦
સ્વર્ગ અવની સૌ સુહાયે,
દુઃખ દિલમાં સૌ શમાયે,
સૂર ઉર ઉરના પૂરાયે,
થાજો સ્નેહયોગી, સ્નેહભોગી, સ્નેહરાગી.—જાગી૦

——:૦:——

દુલારી— ૧૧

ચંદા જયમ ચમકે હાં,
પ્રિય જનનાં આંગણ ઝળકે, હાં ઝળકે,
તન મનમાં પ્રીત ધબકે, વીજ ઝબકે —ચંદા૦
નયન ના ધરાયે, સ્મિત ઉભરાયે,
ઉરે ઉમંગ, ઝરે આનંદ
જયમ સરવર છળકે,
મુખ મળકે, પ્રાણ મળકે. ચંદા૦

——:૦:——

૧૨

દુલારી— પ્રાણ પ્યારાં એ,
મીઠડાં એ, રતિસમાં એ, લજાયે સુહાયે નેનરે
—પ્રાણ૦
રતિશી કામણગારી કાયા,
દિલારામ—મદન મોહન વાહ રાયા!
દુલારી— ઉતરી આલમ મોહમાયા,
દિલારામ—વરી આ વ્હાલમને! —પ્રાણ૦

——:૦:——

૧૩

દુલારી— આપ પ્રાણજીવન, વ્હાલા અમે,
નયન મિલાવ્યાં જીગર ખિલાવ્યાં,
પાઇને મધુરાં અમૃત અમૂલાં,
દિલારામ—રસિક છો નવેલાં હાં. —આપ૦
દુલારી— મોહન સ્નેહની સુરભિ લાવો,
સુરભિ–વાહન વાયું મિલાઓ,
સંસાર પંથે કુમુદો ખીલાઓ,
દિલારામ—ખિલાવું શું ખિલેલાં જ્યાં? —આપ૦

——:૦:——

૧૪

બંસરી—હૈયાં કેરા ચૈતન ચમક્યિાં, તમ સહ —હૈયાં૦
આજે નવી ભૂમી મૈયા,
ભાવે ભીનાં દિલ કર્યાં પ્રેમે પુનિત —હૈયાં૦

દાઝયાં દેશ કાજે,
હૈયે માત રાજે,
નવ નવ આશા આજે,
મંગલ ઉભરિયાં,
ભાવિ ઉષા ઉગી સૈયાં.
ઝીલ્યા જેણે તેજ ચુમું પાપ પુનિત. —હૈયાં૦

---

## ૧૫

### કુમારી આશ્રમની બાળાઓ—

વ્હાલી આ બચાવો વાડી સ્વર્ગ સમી,
દયાળુ ઉગારો લાલી હૈયે અમી,
ઊનાં આંસુ ખાળો. —વ્હાલી૦
આપે ખિલાવી સિંચીને સ્નેહથી જે,
સ્વામી! શોભાવી પ્યારી તેજથી જે,
તાત ઉદ્ધારો રહેમથી એ,
અંજલિ પ્રાણુ પાઓ. —વ્હાલી૦

## અંક ૨ જો.

**ભદ્રશીલા—** ૧૬

જગ મહિં જીવન ધરીને સુકૃતિ કરવી રે,
રાચવા જગપતિ રે.
હારી જશું રે જીંદગી પળમાંહી રે,
કર્યો ન સંગ સાધુ થકી,
માયામાંથી કોઇ નાહિ ઉગરે —જગ૦
આત્મા દઇને કોણ મોહ લોભ વરશે રાજ તાજ ?
છોડીશું નિજ હૃદય—રાજ ?
જુગે જુગે માગિયે તનમનથી !
સંતાન તણા પાદ પૂજીયે રે,
રાચવા જગપતિરે—જગ૦

---

**દુલારી—** ૧૭

રસિકો કેરા સરદાર વનમાલી લાગો,
સુંદરીઓ આપે પ્રાણ પ્યારા આપ કદિ માગો,
શુભ ધવલાં ઉર્જવળિયાં ઉરોને પ્રાણધાર—
દિલદાર શોભાવો—રસિકો૦
ચંદ્ર સમું મુખ, વાણી સુધાની,
નેન મહિં ભરી દિવ્ય ખુમારી,
મોંઘામૂલાં દિલ હરણાં સ્મિત પરાગ સુરલોક,
મોહાવો—રસિકો૦

---

બંસરીબાળા— ૧૮

અમર રહો સહુ આશા,
હૈયે અવધ હો ના,
નવ હો જીગર રસહીન,
આશ વીણ શ્વાસ હો ના—અમર૦
નેનન દે નવ નાથ,
દઇ ન લુટ તેજ પ્યારાં,
પ્રીય સૂર સુણાવી પ્રાણ,
તાર ન તૂટ દિલહારા—અમર૦

---

સ્નેહવીણા— ૧૯

સ્મરજો પ્રેમી દિલ પ્યારાં,
નહિ ભૂલી જીવનભર વ્હાલાં,
એજ માગું પ્રીયજન ઋણી બાળા.—સ્મરજો૦
પ્રેમ એજ પ્રાણ માનો,
પ્રેમ દેવ આત્માનો,
પ્રેમ એ વિસામોરે હાં (૨)
રે હાં જામ એ સુધાનો,
મોંઘાં મૂલો એ ખજાનો. —સ્મરજો૦

---

૨૦

આત્મપ્રકાશ તથા મજીરો—

જીવન જગતનાથ હાથ ધરીએ,
હાથ ધરીએ, સાથ તરીએ,
જરી ન ડરીએ જગત —જીવન૦

સર્જન ગરીબ કરીએ સાથ,
સધન અધમ તજીએ હાથ,
પુનિત બની, સત્યશાળી, સ્નેહમાળી,
પરમ શરણ ધરીને મરીએ તરીએ —હાથ૦

——:o:——

દુલારી— ૨૧

હાં અરપ્યાં આ તનને પ્રાણ જો મળે,
નિજ પ્રીયને માટ સરજ્યાં
મૂલ તનનાં, માન મનનાં પ્રેમને ઝરે —હાં૦
જ્યાંહિ મળતાં પ્રેમઝરણાં—
પાય પડતાં દેહ દિલડાં,
પ્રેમ જપતાં, પ્રેમ તપતાં,
પ્રાણ–કુસુમ મમ અરપ્યાં
સ્નેહી શરણે—નાથ સદને સાથ જે કરે —હાં૦

——:o:——

બંસરી— ૨૨

નવ આ વ્હેંચ્યાં પ્રાણ વિહરવા પ્રભુથી ન્યારા,
નવ કામારે મ્હારે લાંછન, સ્નેહજ સ્વામી અંતરના—નવ૦
નહિ પાપીને આ દિલ વરવા,
પણ તન મન ન્યોછાવર કરૂં હા,
ખરા પ્રેમીનાં પુણ્યકરાં પૂજન ઉજવવા —નવ૦

——:o:——

**બંસરી—** ૨૩

આશ નવ વન રસભર નારી,
શોધતી હું મહાદીવી દુલારી,
ભેટયાં પ્રાણસમાં માલી —આશા૦
પ્રાણ આદેશ શિર સાટે ધારી
થાઇશ હું જળધારી —આશા૦

——:૦:——

**વારાંગનાઓ—** ૨૪

મોરી બૈયાં ન પકર, ગિરધારી શ્યામ,
ચલી ભરન નીર જમુનાકિ ગામ —મોરી૦
તુમ તો જાયે સોતન સંગ રહેતે,
અબ તો સનદ પ્યારી શ્યામ —મોરી૦

## અંક ૩ જો.

**સૂર્યકેતુ—** ૨૫

અગનઝાળ સમો સ્વાર્થ પ્રમાણો,
દહન સદા એ ઠરે,
સળગે દેહ જ્યાં અંગાર મૂકાણો —અગન૦
અન્યનાં દિલડાં બાળવા કેમ અંતર બળાવો ?
મોહ મહિં ભાન ગયું,
જીવનનું સૂકાન ગયું માનો. —અગન૦

૨૬

**સ્નેહવીણા**—સ્નેહનાવ તારીશું સાથ વ્હાલમા —સ્નેહ૦
**રવીન્દ્રકુમાર**—પ્રાણો જડીશું ગ્રહી હાથમાં હાથ
**સ્નેહવીણા**—સાથે મરીશું તરીશું કૃપાનાથ,
હા હૈયાના હાર વ્હાલમા —સ્નેહ૦
વીજ ઝંઝાવાટ સાથે સહીશું,
જઇશું દીનાનાથ સાગર કાંઠે,
**રવીન્દ્રકુમાર**—નાવ દઈશું સુકાનીને હાથે,
**સ્નેહવીણા**—ઉતરશું પ્રભુ સાથ પાર,
પાર સંસાર સાથ વ્હાલમા —સ્નેહ૦

---

**બંસરીબાળા—** ૨૭

દિલની છે દિલ દવાઇ,
ચાહે મારો વા ઉગારો —દિલની૦
હતી પ્રેમની હું કામી,
કરી જ્ઞાનયોગ લ્હાણી !
વિણ નેહ એ નકામી —ચાહે૦

પ્રિત ભાવની હું પ્યાસી,
નહિ કામ મોહ હાસી,
નાહી ભોગની વિલાસી —ચાહે૦
પ્રભુ સ્નેહના છે રાગી,
સુર લોક સ્નેહ રાગી,
વિણ સ્નેહ સૌ અભાગી —ચાહે૦

---

બંસરીબાળા— ૨૮

હો તેજનાં ઝરણ
રજની પ્રીય સંગ —હો૦
અંજન જો હું, તમ નેનો નૂર,
હું રસ તમ હો રંગ —હો૦

---

સ્નેહવીણા— ૨૯

ભાગ્યવંત ભુવન ખરે,
તમ પગલે કુસુમ સરે—ભાગ્ય૦
સુભગ શીતલ સ્નેહઝરણ,
આંગણ રસસ્રોત ઝરે,
સુભગ જીવન, સુભગ આલમ,
જહિં સુભગા સાથ કરે—ભાગ્ય૦

—:૦:—

સ્નેહવીણા— ૩૦

પુણ્ય પંથે સુવાયુ સુગંધી,
પુણ્ય પંથે મધુરા સુપંખિ;
દેવ દેવી સરીખાં સુપંથી,
પ્રાણ પ્રાણે વધાવે ઉમંગી.

થઇ હું પીયુની સારથિ, લઇ સાથમાં ઉડું મમ પ્રાણ;
ન હું ભૂલાઉં નાથથી, નવ માગતી બીજી સુખ લ્હાણ;
નાથ સાથે
નાથ હાથે
નાથ માથે મુકુટ સુરંગી —પુણ્ય૦

——:૦:——

૩૧

કુંવીણા તથા સખીઓ—
હાં હાં રે નવ નવલાં,
શરમાળ દિલબર દિલહર વ્હાલા !
દુલારી— આપો દુઃખ અપાર અમને આમ શાનાં ?
સખીઓ—સુખકર પ્રિયવર શ્યામ—
તન મન જોબન અર્પ્યાં પ્યારાં—શરમાળ૦
બાળસમા સુકુમાર શા તુજ અભિનય વ્હાલા !
દુલારી— પાય પડું, દઉં સમ સહુ મ્હારા,
સખીઓ— દે સમ તુજ પ્રિય પ્રાણ—
તન મન જોબન અર્પ્યાં પ્યારા —શરમાળ૦

——:૦:——

દુલારી— ૩૨

જરા કહોજી સાંવરિઆ, શાં જાદુ કર્યાં ?
જાદુ કર્યાં, મન ઘેલાં કર્યાં. —જરા૦
હતું મમ દિલ ભોળું બાળ, નહિ સમજ્યું કુમાશ કંઇ,
કાતિલ તમારા કામણે, બાળા દીવાની થઇ;

જીગર અમ લૂટી લઇને ના દવા પાગલને દેશો કંઇ,
જીવન વિનાની વેલીને પ્રીતિના પાણી પાશો નહિ—જ
હર્યા અમ પ્રાણ નેહે નાથ, કરૂં વિનંતિ સતાવો નહિ,
મોહન તમારાં હાસ્યથી નેનો નચાવો નહિ;
શરમવશ મુખે કહેવું શું ? દયા ઘાયલની લાવો કંઇ,
શરમ આંખોની રહેતી હો, કલેજા કૂણા કાપો નહિ—

——:o:——

સર્વે— ૩૩

આત્મ જ્યોત પ્રકટાવ પ્યારે,
નાથ કરી તું કૃપા,
સુરગંગ ધારા અવની ઉતારે —આત્મ૦
નિશ દિન ફૂલ સહ આવું મંદિરીયાં,
નિશ દિન પાય હું પડું, તોયે ના મળિયાં;
આજે કર્યું દિલ અરપણ—કરી તેં દયા ! —આત્મ૦

**સમાપ્ત.**

પ્રકાશકઃ—છોટાલાલ મૂળચંદ,
ગેઇટી નાટકશાળા, મુંબઇ.
છાપનારઃ—મગનલાલ જગજીવનદાસ. (૧૧૬૩-૭૮.)
શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૩૫૬, નાગદેવી રસ્તો. મુંબઇ, ૩